પેજ 3

અભિનેત્રી પર બળાત્કારના આરોપમાં ફિલ્મ-નિર્માતા શકીલ નૂરાનીની ધરપકડ

નૂરાનીએ અભિનેત્રીને મોબાઇલ ફોન પર એક અંગત વીડિયો બતાવીને વાયરલ કરવાની ધમકી આપી હતી

મુંબઈ, તા. 10 (પીટીઆઈ) એક 33 વર્ષીય ઊભરતી અભિનેત્રીએ તેમના પર બળાત્કાર અને ધમકી આપવાનો આરોપ લગાવ્યા બાદ મુંબઈ પોલીસે બોલિવૂડ ફિલ્મ-નિર્માતા શકીલ નૂરાનીની ધરપકડ કરી છે. 73 વર્ષીય આરોપી વિરુદ્ધ એફઆઈઆર નોંધાયા બાદ તે નાસતો ફરતો હતો, જે શનિવારે મુંબઈથી 200 કિમીથી વધુ દૂર આવેલા મહાબળેશ્વર હિલ સ્ટેશન ખાતેના તેના ફાર્મહાઉસમાંથી મળી આવ્યો હતો. નૂરાની ગોવિંદા અભિનિત 'જોરૂ કા ગુલામ' (2000) અને સુનીલ શેટ્ટી અભિનિત 'બડે દિલવાલા' (1999) જેવી ફિલ્મોના નિર્દેશન માટે જાણીતા છે. પોતાની ફરિયાદમાં મહિલાએ આરોપ લગાવ્યો છે કે, નૂરાનીએ છેલ્લા ચાર વર્ષમાં તેનું યૌન શોષણ કર્યું હતું અને તેને ઝેર પણ આપ્યું હતું, જેના કારણે તેને ગર્ભપાત થયો હતો. મહિલાએ દાવો કર્યો હતો કે, આરોપીએ તેને એક આગામી ફિલ્મ પ્રોજેક્ટની સ્ક્રિપ્ટ અંગે ચર્ચા કરવાના બહાને માલવણી સ્થિત તેના નિવાસસ્થાને બોલાવી હતી, જ્યાં તેણે કથિત રીતે તેના પીણામાં કેફી પદાર્થ ભેળવીને તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો.

એઆર રહેમાનના પુત્ર અમીનની કારને અકસ્માત, સામાન્ય ઇજા

ચેન્નાઈ, તા. 10 : ભારતીય સિનેમાના દિગ્ગજ સંગીતકાર એઆર રહેમાનના પુત્ર અમીન સાથે એક માર્ગ અકસ્માત થયો છે. સોમવારે વહેલી સવારે ચેન્નાઈના ગિંડીમાં ઓલિમ્પિયા ટેક પાર્ક સિગ્નલ પાસે 23 વર્ષના અમીનની લક્ઝરી પોર્શ કાર એક રેપિડો વેગન-આર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં તેમને સામાન્ય ઈજાઓ થઈ હતી. અમીનને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર બાદ તેને રજા આપી દેવામાં આવી હતી. બીજી તરફ, પોલીસે આ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. આ ઘટના સોમવારે વહેલી સવારે આશરે 3.30 વાગ્યે બની હતી.

સલમાન ખાન, સંજય દત્ત-અભિનિત '7 ડોગ્સ' 21 ઓગસ્ટે ભારતમાં રિલીઝ થશે

મુંબઈ, તા. 10 (PTI) : સલમાન ખાન અને સંજય દત્ત-અભિનિત '7 ડોગ્સ' 21 ઓગસ્ટે હિન્દી અને અંગ્રેજીમાં ભારતીય સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. આ ફિલ્મમાં ભારતીય, ઇજિપ્સિયન, યુરોપિયન અને હોલીવુડના કલાકારો એકસાથે જોવા મળશે.આ એક્શન ડ્રામા ઇજિપ્તના સ્ટાર્સ અહમદ ઇઝ અને કરીમ અબ્દેલ અઝીઝની મુખ્ય ભૂમિકામાં છે અને તેમાં પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય કલાકારો મોનિકા બેલુચી અને જિયાનકાર્લો એસ્પોસિટો પણ છે. જનરલ એન્ટરટેઇનમેન્ટ ઓથોરિટી (જીઈએ) અને રિયાધ સીઝનના સહયોગથી સેલા સ્ટુડિયો દ્વારા નિર્મિત આ ફિલ્મનું નિર્દેશન આદિલ અલ અરબી અને બિલાલ ફલ્લાહ દ્વારા કરવામાં આવ્યું છે.

ઝારખંડમાં વિધાનસભા તરફ કૂચ કરતાં વિદ્યાર્થીઓ પર પોલીસનો લાઠીચાર્જ

આંદોલનકારી વિદ્યાર્થીઓએ વિધાનસભા નજીક ઉભી કરવામાં આવેલી આડશો તોડવા માંડતા સંઘર્ષ સર્જાયો

પોલીસે વોટર કેનન, ટિયર ગેસનો પણ ઉપયોગ કર્યો : અનેક વિદ્યાર્થીઓ અને ચાર પોલીસ કર્મીઓને ઇજા

રાંચી, ૧૦ ઓગસ્ટ (PTI): ઝારખંડ વિધાનસભા નજીક સોમવારે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં અનેક આંદોલનકારીઓ અને ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓનો વિરોધ કરી રહેલા નોકરીવાંચ્છુ ઉમેદવારો પર પોલીસે વોટર કેનન, ટીયર ગેસ અને લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઝારખંડના રાંચીમાં JPSC-JSSC પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા હજારો વિદ્યાર્થીઓ બેરિકેડ તોડીને વિધાનસભાના ગેટ પર પહોંચ્યા. વિદ્યાર્થીઓ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. પોલીસે તેમને ગેટ પરથી દૂર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે તેઓએ ના પાડી, ત્યારે તેમને લાઠીચાર્જ કરીને વિખેરવામાં આવ્યા.

પ્રદર્શનકારીઓએ ઝારખંડ વિધાનસભા નજીક લગાવવામાં આવેલા મલ્ટીપલ બેરિકેડ્સ તોડી નાખ્યા બાદ આ અથડામણ થઈ હતી. પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે પોલીસની આ કાર્યવાહીમાં મહિલાઓ સહિત તેમના અનેક સાથીઓ ઘાયલ થયા છે, જ્યારે રાંચી સિટી એસપી પારસ રાણાએ જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ દ્વારા કરવામાં આવેલા પથ્થરમારામાં ચાર પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી છે. પ્રદર્શનકારીઓ બેરિકેડ્સ તોડીને વિધાનસભાના ગેટ નંબર ૧ સુધી પહોંચી ગયા હતા, જ્યાં તેઓ ધરણા પર બેસી ગયા હતા અને જ્યાં સુધી તેમની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી ત્યાંથી હટવાનો ઈનકાર કર્યો હતો. આ દરમિયાન પોલીસે ફરી એકવાર લાઠીચાર્જ કર્યો હતો.

મધ્ય રશિયાના ઓઈલ હબ પર યુક્રેનનાં ડ્રોન હુમલામાં ૧૩નાં મોત

ચાર વર્ષથી ચાલતા યુદ્ધમાં યુક્રેનના સૌથી ભયાનક હુમલાઓમાંના એક હુમલામાં ૭૮ને ઇજા

યુક્રેનના નવા ડ્રોન્સ હવે રશિયાના એકદમ અંદરના વિસ્તારો સુધી પહોંચી રહ્યા છે

કિવ, 10 ઓગસ્ટ (AP): સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, યુક્રેને સોમવારે મધ્ય રશિયાના તાતારસ્તાન ક્ષેત્રમાં આવેલા પેટ્રોલિયમ હબ નિઝનેકામસ્ક પર હુમલો કર્યો હતો, જેમાં 13 લોકોના મોત થયા હતા અને અન્ય 78 લોકો ઘાયલ થયા હતા. 4 વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધમાં દેશમાં થયેલા આ સૌથી ભયાનક હુમલાઓમાંથી એક છે. યુક્રેનની સેનાએ જણાવ્યું હતું કે તેણે નિઝનેકામસ્કમાં એક ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો છે, જે યુક્રેનની સરહદથી પૂર્વમાં આશરે 1,200 કિલોમીટર દૂર આવેલી છે અને તેની વસ્તી આશરે 2,40,000 છે. રશિયન અધિકારીઓએ ડ્રોન દ્વારા કયા સ્થળને નિશાન બનાવવામાં આવ્યું હતું તે સ્પષ્ટ કર્યું ન હતું, પરંતુ આ શહેરમાં બે રિફાઈનરીઓ અને એક પેટ્રોકેમિકલ પ્લાન્ટ આવેલા છે. યુક્રેને તાજેતરના મહિનાઓમાં લગભગ દરરોજ લાંબા અંતરના ડ્રોન વડે રશિયન ઓઈલ ફેસિલિટીઝને નિશાન બનાવી છે. આ અભિયાનને કારણે રશિયામાં ઈંધણની અછત ઊભી થઈ છે, તેની શુદ્ધિકરણ ક્ષમતામાં ઘટાડો થયો છે અને વસ્તીમાં ચિંતાનો માહોલ પેદા થયો છે. રશિયાની ધરતી પર યુક્રેનના અગાઉના હુમલાઓ જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા, તે બેલ્ગોરોડના સરહદી વિસ્તારમાં થયા હતા. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડિસેમ્બર 2023 માં, આ ક્ષેત્રની રાજધાની બેલ્ગોરોડ પર યુક્રેનના શેલિંગમાં 25 લોકો માર્યા ગયા હતા અને 100 થી વધુ ઘાયલ થયા હતા. રશિયન સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, પાંચ મહિના પછી, શેલિંગના કારણે બેલ્ગોરોડની એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગ આંશિક રીતે ધરાશાયી થઈ હતી, જેમાં ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા હતા.

ભરતી પરીક્ષામાં ગોટાળા: ઝારખંડ CID દ્વારા JPSCના માજી અધ્યક્ષની ધરપકડ

રાંચી, તા. 10(PTI): ઝારખંડ સીઆઈડીએ સોમવારે ભરતી પરીક્ષાઓમાં કથિત ગડબડી અને ગેરરીતિઓના સંબંધમાં JPSCના ભૂતપૂર્વ અધ્યક્ષ એલ. ખિયાંગતેની ધરપકડ કરી છે. 1988 કેડરના આ IAS અધિકારી ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રાજ્યના મુખ્ય સચિવ પદેથી નિવૃત્ત થયા બાદ 'ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન' (JPSC)ના અધ્યક્ષ તરીકે નિમાયા હતા. તેમણે 22 જુલાઈના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. સીઆઈડીના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) મનોજ કૌશિકે PTIને જણાવ્યું કે, અમે ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓના મામલે JPSCના ભૂતપૂર્વ અધ્યક્ષ એલ. ખિયાંગતેની ધરપકડ કરી છે.

એર-ઈન્ડિયાની ફ્લાઈટમાં ટર્બ્યુલન્સ હાઈડ્રોલિક ખામીને કારણે થયાના અહેવાલ

ઉડાન દરમિયાન પ્લેનમાં ઓટો-પાયલોટ મોડ ડિસકનેક્ટ થઇ ગયું હતું, ઇન્ડિકેટર સ્વીચો પણ થોડી વાર માટે બંધ થઇ ગઇ હતી

મુંબઈ/નવી દિલ્હી, ૧૦ ઓગસ્ટ (PTI): ગયા અઠવાડિયે ફુકેટથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની A320 ફ્લાઈટ જેણે અચાનક ૩૦૦ ફૂટની ઊંચાઈ ગુમાવી દીધી હતી તે ફ્લાઈટમાં અનેક ટેકનિકલ ખામીઓ સર્જાઈ હતી અને ત્રણ-ત્રણ હાઈડ્રોલિક સિસ્ટમ ફેલ થઈ ગઈ હતી એમ સૂત્રોએ જણાવ્યું હતું.

૪ ઓગસ્ટના રોજ બનેલી આ ગંભીર ઘટનાની તપાસ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ શરૂ કરી દીધી છે. જેમાં ઓછામાં ઓછા ૧૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ તપાસમાં મદદ કરવા માટે ફ્રેન્ચ એજન્સી BEA અને એરબસની ટીમો મંગળવારે ભારત આવે તેવી શક્યતા છે. ૪ ઓગસ્ટના રોજ, ફુકેટથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટ AI2379 જ્યારે હવામાં ઉડી રહી હતી ત્યારે અચાનક આશરે ૩૦૦ ફૂટ નીચે આવી ગઈ હતી. જોકે, ત્યારબાદ પ્લેન સ્થિર થઈ ગયું હતું અને રાષ્ટ્રીય રાજધાની (દિલ્હી) ખાતે સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું. ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન (ICAO) ના એનએક્સચર ૧૩ હેઠળ AAIB દ્વારા આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્લેનમાં ૩ શિશુઓ સહિત ૧૩૭ મુસાફરો અને ૮ ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

TMC નેતા અભિષેક બેનરજીને સારવાર માટે વિદેશ જવા સુપ્રીમની મંજૂરી

આંખની સારવાર માટે ત્રણ સપ્તાહ વિદેશ જઇ શકશે, જો કે ક્યાં જાય છે તેની વિગતો આપવી પડશે

નવી દિલ્હી, તા. 10(પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનરજીને મોટી રાહત આપતા, સુપ્રીમ કોર્ટે સોમવારે તેમને આંખની સારવાર માટે ત્રણ અઠવાડિયા માટે વિદેશ જવાની મંજૂરી આપી છે. પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા વ્યક્ત કરાયેલી એવી આશંકાને કોર્ટે ફગાવી દીધી હતી કે તેમની સામે પેન્ડિંગ 16 કેસોને કારણે તેઓ કદાચ પાછા નહીં આવે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત અને ન્યાયાધીશો જોયમાલ્યા બાગચી તથા વી મોહનાની ખંડપીઠે ટિપ્પણી કરી હતી કે દરેક વ્યક્તિને પોતાની તબીબી સારવાર પસંદ કરવાનો અધિકાર છે. કોર્ટે બેનરજીને તપાસ એજન્સી સાથે તેમના રોકાણના સ્થળ સહિતની પ્રવાસની તમામ વિગતો આપવા જણાવ્યું હતું. ખંડપીઠ ડાયમંડ હાર્બરના સાંસદ દ્વારા કલકત્તા હાઈકોર્ટના 5 ઓગસ્ટના એ આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં તેમને સારવાર માટે વિદેશ જવાની મંજૂરી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

પશ્ચિમ બંગાળ સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ વી રાજુએ ખંડપીઠને જણાવ્યું હતું કે બેનરજી સામે 16 કેસ નોંધાયેલા છે. તેમણે કહ્યું કે અમને ડર છે કે તેઓ કદાચ પાછા નહીં આવે.

રામ મંદિર દાનચોરી વિવાદ : સુપ્રીમ 17 ઓગસ્ટે સુનાવણી કરશે

દાનચોરીની એસઆઇટી તપાસની માગ કરતી અરજીઓ પર આ સુનાવણી થશે

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, અયોધ્યાના રામ મંદિરમાં દાનની કથિત ગેરરીતિની કોર્ટની દેખરેખ હેઠળ એસઆઈટી તપાસની માંગ કરતી અરજીઓ પર તે 17 ઓગસ્ટે સુનાવણી કરશે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચી તેમ જ જસ્ટિસ વી મોહનાની બેન્ચને એક વકીલે જાણ કરી હતી કે, ઉત્તર પ્રદેશ સરકાર વતી રજૂ થતા સોલિસિટર જનરલ તુષાર મહેતા એક કાર્યક્રમ માટે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ગયા છે. બેન્ચે સુનાવણી 17 ઓગસ્ટ સુધી મુલતવી રાખી હતી. દિવસ દરમિયાન અગાઉ સર્વોચ્ચ અદાલતે આ અરજીઓ પરની સુનાવણી ટાળવા માટે ઉત્તર પ્રદેશ સરકારના વકીલની વિનંતી પર વિચાર કરવા સંમતિ દર્શાવી હતી. 27 જુલાઈના રોજ સર્વોચ્ચ અદાલતે રામ મંદિરમાં દાનની કથિત ગેરરીતિની તપાસ માટે આઈજીપી કિરણ એસની આગેવાની હેઠળ ચાર સભ્યોની એસઆઈટી રચવાની નોંધ લીધી હતી. તેણે ઉત્તર પ્રદેશ સરકારને તપાસ ટીમમાં ફોરેન્સિક ઓડિટરને પણ સામેલ કરવા જણાવ્યું હતું. "સુધારાત્મક પગલાં લેવા પડશે" એવી ટિપ્પણી કરતાં બેન્ચે કહ્યું હતું કે, ''પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.''

બાંગ્લાદેશે ભારત સમક્ષ ફરી એકવાર હસીનાના પ્રત્યાર્પણની માગ મૂકી

ઢાકા, તા. ૧૦(PTI): ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તાજેતરના તણાવ વચ્ચે, સોમવારે બાંગ્લાદેશે હાઈ કમિશનર દિનેશ ત્રિવેદી અને વડાપ્રધાન તારિક રહેમાન વચ્ચે ઢાકામાં યોજાયેલી પ્રથમ બેઠક દરમિયાન પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની ફરી એકવાર માંગ કરી હતી. બાંગ્લાદેશના વડાપ્રધાન કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, આ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ઢાકા સ્થિત ભારતીય હાઈ કમિશન દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કરવામાં આવેલી એક પોસ્ટ અનુસાર, ત્રિવેદીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી અને બાંગ્લાદેશ સરકાર તેમજ ત્યાંના લોકો સાથે સકારાત્મક, રચનાત્મક અને ભવિષ્યલક્ષી રીતે કામ કરવાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૫ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં શેખ હસીનાએ વર્ચ્યુઅલ રીતે પત્રકાર પરિષદને સંબોધિત કર્યા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તણાવ જોવા મળ્યો છે.

રાજસ્થાનના ખેડૂતે જમીનમાં દાટેલા રૂ. 5 લાખ ઉધઈએ કોરી ખાધા

પ્લોટ વેચીને મળેલા પૈસા ચોરીથી બચવા જમીનમાં દાટ્યા પછી તે પૈસા ક્યાં દાટ્યા તે ભુલી ગયો

નવી દિલ્હી, તા. 10 : રાજસ્થાનના બાલોત્રા જિલ્લાના પચપદરા નજીકના નેવાઈ ગામના એક ખેડૂત માંગીલાલ મેઘવાલે પોતાની પાંચ લાખ રૂપિયાની બચતને ચોરીથી બચાવવા અને પરિવારથી છુપાવવા માટે ખેતરમાં દાટી દીધી હતી. જો કે તે પૈસા ક્યાં દાટ્યા તે ભુલી ગયો અને જ્યારે તેને તે મળ્યા ત્યારે ઉધઈએ નોટોનો નાશ કરી દીધો હતો.

માંગીલાલે એક વર્ષ પહેલા જમીનનો પ્લોટ વેચીને મળેલા રૂ. પાંચ લાખથી ઘર બનાવવાની યોજના બનાવી હતી. રોકડ ચોરી થઈ જાય કે બિનજરૂરી રીતે ખર્ચ થવાની ચિંતામાં, તેણે પૈસા પોલીથીન બેગમાં નાખ્યા, પોતાના ખેતરમાં ખાડો ખોદીને તેને દાટી દીધો. જોકે, દારૂ પીવાની અને ભૂલી જવાની તેની આદતને કારણે, તે પૈસા ક્યાં છુપાવ્યા હતા તે બરાબર ભૂલી ગયો અને ઘણાં પ્રયાસ પછી તે ન મળતા પરિવારજનોને જાણ કરી અને બધાએ પૈસા શોધવાના પ્રયાસમાં ખેતરના જુદા જુદા ભાગો ખોદ્યા પણ પૈસા ન મળ્યા, થોડા સમય પછી પરિવારે ચોમાસાની ઋતુમાં વાવણી માટે ખેતર તૈયાર કરવાનું શરૂ કર્યું. એક રાત્રે, પૈસાવાળી પોલીથીન બેગ જમીનમાંથી બહાર આવી, જો કે એક વર્ષ પહેલા દાડેલા એ પૈસાને ઉધઈએ કોરી ખાધા હતા.

મહારાષ્ટ્રના કલ્યાણમાં 24 કલાકમાં કૂતરા કરડવાના 161 કેસ, એક જ કૂતરો 60થી વધુને કરડ્યો

મુંબઈ, તા. 10 : મહારાષ્ટ્રના કલ્યાણમાં 24 કલાકમાં 160 થી વધુ લોકોને રખડતા કૂતરાઓએ કરડ્યા હોવાના અહેવાલ છે, જેમાં 11 વર્ષની એક છોકરી ગંભીર રીતે ઘાયલ થઈ છે અને તેને મુંબઈની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે કારણ કે શહેરના અનેક ભાગોમાં ગભરાટ ફેલાયો છે. રવિવાર બપોરથી સોમવાર સુધી આ હુમલાઓ નોંધાયા હતા, જેમાં રાહદારીઓ, ટુ-વ્હીલર સવારો અને સ્થાનિક રહેવાસીઓને કરડવામાં આવ્યા હતા. કલ્યાણ પશ્ચિમના ખડકપાડામાં બિરલા કોલેજ રોડ પર સંદીપ હોટલની આસપાસનો વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો હતો, જ્યાં એક રખડતા કૂતરાએ કથિત રીતે 60 થી વધુ લોકો પર હુમલો કર્યો હતો. રવિવારે બિરલા કોલેજ રોડ પર સંદીપ હોટલ વિસ્તારમાં હુમલાઓ શરૂ થયા હતા, જ્યાં એક રખડતા કૂતરાએ લોકોને કરડતા પહેલા રાહદારીઓ, મોટરસાયકલ અને ઓટોરિક્ષાનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, કૂતરો ફક્ત એક જ રસ્તા સુધી મર્યાદિત નહોતો રહ્યો.